અરજી નં.૩૫૪ તા.૨૦–૨–૦૯

અરજદારઃ શ્રી ગૌરીબેન બળવંતભાઈ અને વાસંતીબેન રાજેન્દ્રકુમાર પટેલ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ આઈ ડી. નં.૨૭૪ તા.૨૯–૧૨–૦૮ની શ્રી ગૌરીબેન બળવંતભાઈ અને વાસંતીબેન રાજેન્દ્રકુમાર પટેલની અરજીથી ઘર નં.૨૯, ચાલતા નં.૨૫૦, ૩૯૬ થી નોંધાયેલ જમીન ઉપર આયોજીત આપના તરફથી મંજુર આપવામાં આવેલ રજાચિઠ્ઠી, ટીડીઓ/એસઝેડ/ડીપી નં.૭ તા.૨૭–૭–૦૭ ના મંજુર થયેલ પ્લાનનું તા.૨૬–૧૨–૦૬ ના રોજ ભરેલ ફોર્મ 'બ' અંગે મુદ્દા નં.૧ થી ૬ ની ધ્વારા લીધેલ વાંધાનો પુરાવો, પ્લાન મંજુરીના માલિકીના પુરાવા , ગેરકાયદેસર બાંધકામ અટકાવવા અંગેના પગલાં, બીયુસીની પરવાનગી, રજાચિઠ્ઠી રદ કરવા બાબત વિગેરે અંગેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :– અરજદાર મજકુરની તા.૨૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૫૪/૨૦૦૮–૦૯

શ્રી ગૌરીબેન બળવંતભાઈ અને વાસંતીબેન રાજેન્દ્રકુમાર પટેલની આઈ ડી. નં.૨૭૪ તા.૨૯–૧૨–૦૮ની અરજીથી ઘર નં.૨૯, ચાલતા નં.૨૫૦, ૩૯૬ થી નોંધાયેલ જમીન ઉપર આયોજીત આપના તરફથી મંજુર આપવામાં આવેલ રજાચિઠ્ઠી, ટીડીઓ/એસઝેડ/ડીપી નં.૭ તા.૨૭–૭–૦૭ ના મંજુર થયેલ પ્લાનનું તા.૨૬–૧૨–૦૬ ના રોજ ભરેલ ફોર્મ 'બ' અંગે મુદ્દા નં.૧ થી ૬ ની ધ્વારા લીધેલ વાંધાનો પુરાવો, પ્લાન મંજુરીના માલિકીના પુરાવા, ગેરકાયદેસર બાંધકામ અટકાવવા અંગેના પગલાં, બીયુસીની પરવાનગી, રજાચિઠ્ઠી રદ કરવા બાબત વિગેરે અંગેની માહિતી આપવા બાબતે કરેલ અરજી ગેરકાયદેસર રીતે મંજુર થયેલ પ્લાન રદ કરવાના હુકમની નકલ મેળવવા તથા બાકી રહેતી માહિતી મેળવવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૭ તા.૭–૩–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને તથા અરજદારને ગેરકાયદેસર રીતે મંજુર થયેલ પ્લાન રદ કરવાના હુકમની નકલ તથા અન્ય બાકી રહેતી ચોકકસ કઈ માહિતી અંગે નારાજગી છે તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આજ દિન સુધી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ નથી તેમજ અરજદારે પણ અપીલમાં માંગેલ માહિતી અંગે આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ જાહેર માહિતી અધિકારીએ અપીલ માહિતી વિગેરેની નકલો રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકીની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઝોન/ટેક./આ.નં.૭૯૨૬ તા.૨૮–૧–૦૯ થી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં મુળ અરજીના મુદ્દા નં.૩ અંગે સ્થળ ઉપર ડે. ઈજનેરે શું સ્થળ તપાસ કરી તેનો ખુલાસો માંગેલ છે. તથા તેના વાંધો પ્લાન રજૂઆત કરનાર અરજદારે કેમ આપવામાં આવેલ નથી તેનો ખુલાસો માંગેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૩ અંગે ડે. ઈજનેરેએ સ્થળ તપાસ કરેલ હોવાનું જણાવેલ છે. અને 'બ' ફોર્મમાં વિગત દર્શાવેલ હોવાનું જણાવેલ છે. અપીલના તબકકે બીજા મુદ્દામાં અરજદારે તા.૧૧–૨–૦૯ ના ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલ વિગતનો હવાલો આપી રજાચિઠ્ઠી પ્લાન રદ થયેલ હુકમની નકલ માંગેલ છે જે અરજદારની મુળ અરજીથી અલાયદી માહિતી છે. તથા જાહેર સત્તા મંડળ પાસે ઉપલબ્ધ દફતરના સંદર્ભ વિનાની છે. અપીલ તબકકે મુળ અરજીના મુદ્દા નં.૫ બાબતે બીયુસી ન આપી હોય તો વસવાટ દુર કરવા શું પગલા લેશો? તે બાબતે જાહેર માહિતી અધિકારી વિગત આપે તેવો આગ્રહ રાખેલ છે. જાહેર માહિતી અધિકારીએ વસવાટ પરવાનગી આપેલ નહીં હોવાનું જણાવેલ છે. શું પગલા લેશો? તે બાબતે કોઈ વિગત જણાવેલ નથી. અપીલના તબકકે અપીલ અરજીના મુદ્દા નં.૪ માં અખબારી અહેવાલનો હવાલો આપી ગેરકાયદેસર વસવાટ દુર કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. જે બાબત મુળ અરજીના મુદ્દા નં.૬ માં પણ જણાવેલ છે. અપીલ અરજીના મુદ્દા નં.૫ માં પણ શહેર વિકાસ વિભાગ ગાંધીનગરના પત્રનો હવાલો આપી કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે. તથા અપીલના મુદ્દા નં.૬ માં રીવાઈઝ પ્લાનનો વિવાદ હેઠળની મિલ્કતમાં કેટલું વધારે બાંધકામ છે તેની ગણતરી માંગેલ છે. જે બાબત મુળ અરજીથી અલાયદી જણાય છે. વધુમાં આ જ મુદ્દામાં અરજદારે રીવાઈઝ પ્લાનમાં દર્શાવેલ માપ વિરુધ્ધના બાંધકામ દુર કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. જયારે અપીલના મુદ્દા નં.૭ માં તેમની મુળ અરજીના મુદ્દા નં.૮ બાબતે રીવાઈઝ પ્લાનની નકલની માંગણી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા અંતિમ નિર્ણય લેવાયેલ ન હોય વધુ માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨,૪,૫ તથા ૬ માં કાર્યવાહી હાથ ધરવા લગતી રજુઆત કરેલ છે. જે આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) માહિતીની વ્યાખ્યા કલમ–૨(જે) માહિતીના અધિકારની વ્યાખ્યાથી કરેલ જોગવાઈ બહારની છે. સદર જોગવાઈ હેઠળ જાહેર માહિતી અધિકારી પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અને તે જ બાબત અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૧ અને ૫ ને પણ લાગુ પડે છે તેથી જાહેર માહિતી અધિકારીએ દફતરે ઉપલબ્ધ હકીકત પૂરી પાડવાની રહે છે. તેમાંથી ખુલાસા કરવાનો સમાવેશ ઉપલબ્ધ માહિતીમાં થતો નથી. અરજદારે રીવાઈઝ પ્લાન બાબતે માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ ચકાસણી હેઠળ હોઈ માહિતી પૂરી

પાછળ

પાડેલ નથી. પરંતુ અરજદારની અરજી જોતા મુદ્દા નં.૩ માં 'બ' ફોર્મમાં ભરેલ વિગતોનો ઉલ્લેખ તેમણે કરેલ છે. તે ધ્યાને લ ેતાં 'બ' ફોર્મ પાસે હોવાનું માનવાને કારણ છે. આરટીઆઈ કાયદાની કમલ–૮(૧) (આઈ) ની જોગવાઈ અનુસાર મંત્રી મંડળ/અધિકારીઓની વિચાર વિર્મશ હેઠળની બાબતો નિર્ણય લેવાય નહીં ત્યાં સુધી અપવાદ હેઠળ આવે છે. તથા કાયદાની કલમ–૪(૧) (સી) તેમજ (ડી) ની જોગવાઈ હેઠળ જાહેર સત્તા મંડળે અગત્યની નીતિ અથવા નિર્ણયો જાહેર કરતી વેળાએ જનતાને અસર કરતાં બાબતો અંગે સબંધકર્તા હકીકત પ્રસિધ્ધ કરવાની જોગવાઈ છે. તથા અસરકર્તા વ્યકિતઓને વહીવટી તથા અર્ધ ન્યાયિક નિર્ણયના કારણો પૂરા પાડવાની જોગવાઈ છે. જે સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીની કક્ષામાં આવે છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૩ તથા ૪ આંશિક પૂરતી અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. અરજદારે આ બાબતે મુળ અરજીમાં દસ્તાવેજોની નકલો માંગેલ હોય અરજદારને સબંધિત ફાઈલનું નિરીક્ષણ પુરું પાડી 'બ' ફોર્મની નકલ તથા વિવાદ હેઠળની બાબતે હાથ ધરેલ કાર્યવાહી અંગેના ફાઈલના નોંધ વિભાગની નકલો જો પૂરી પાડેલ ન હોય તો કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા તથા રીવાઈઝ પ્લાન અંગે આખરી નિર્ણય લેવાયા બાદ દિન–૭ માં અરજદારને સૂચિત કરી આરટીઆઈની કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયત ફી ભરાવી નકલ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગૌરીબેન બળવંતભાઈ અને વાસંતીબેન રાજેન્દ્રકુમાર પટેલ,